# મોડાસા માર્કેટયાર્ડમાં ઘઉંના ભાવ ન મળતા ખેડૂતો રસ્તા પર ઉતર્યા

## માર્કેટયાર્ડના વેપારીઓએ મણે રૂ. ૩૨૦થી હરાજી શરૂ કરતા ખેડૂતોએ મણે રૂ. ૩૪૭ ના ભાવે ખરીદવાની માંગ સાથે હોબાળો મચાવ્યો

અરવલ્લી જીલ્લાના માર્કેટયાર્ડોમા ખેડૂતોના જીવાદોરી સમાન ઘઉં વેચવા ખેડૂતો માર્કેટયાર્ડ પહોંચી રહ્યા છે. ત્યારે મોડાસા માર્કેટયાર્ડમાં ઘઉંના પોષણક્ષમ ભાવ મુદ્દે ખેડૂતો વિફર્યા હતા. વેપારીઓ પોષણક્ષમ ભાવ કરતા નીચા ભાવે ખરીદી શરુ કરવામાં આવતા ખેડૂતોએ હરાજી અટકાવી અને હોબાળો કરી હરાજી અટકાવી માર્કેટયાર્ડ બહાર મોડાસા-ધનસુરા રાજ્યધોરી માર્ગ પર ચક્કાજામ કરતા વાહનવ્યવહાર અટકી જતા ભારે અફડાતફડી મચી હતી. ખેડૂતોના ચક્કાજામના પગલે પોલીસતંત્ર દોડી આવી ખેડૂતોને સમજાવી ટ્રાફિક પૂર્વરત કરાયો હતો. હાઈવોલ્ટેજ ડ્રામા બાદ માર્કેટયાર્ડના જવાબદાર અધિકારીઓએ ખેડૂતો સાથે સમજાવટ કરી મામલો થાળે પાડી પોષણક્ષમ ભાવથી ખરીદી શરુ કરવામાં આવી હોવાનું માર્કેટયાર્ડના સૂત્રોએ જણાવ્યું હતું. કેટલાક વેપારીઓએ રીંગ બનાવી ખેડૂતોની મજબુરીનો લાભ ઉઠાવવા મણે રૂ. ૩૨૦ જેટલા તળિયાના ભાવે ખરીદી શરુ કરાતા મામલો ગરમાયો હતો.

શિયાળામાં વાવેતર કરેલા ઘઉંનો પાક બજારમાં આવવાની શરૂઆત થઈ ગઈ છે. ત્યારે ગુરુવારે પોષણક્ષમ ઘઉંના મામલે ખેડૂતો અને વેપારીઓ વચ્ચે ઘર્ષણ થતા ખેડૂતોએ હોબાળો કરી હલ્લાબોલ સાથે મોડાસા માર્કેટયાર્ડના દરવાજા બંધ કરી હરાજી અટકાવી મોડાસા-ધનસુરા રોડ પર ઉતરી આવી ચક્કાજામ કર્યો હતો. ખેડૂતોએ પોષણક્ષમ ભાવ કરતા નીચા ભાવથી ખરીદી કરવાનો ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો અને મોટી સંખ્યામાં ખેડૂતોના સમર્થનમા અન્ય ખેડૂતોના ટોળેટોળા ઉમટતા ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા જવાબદાર અધિકારીઓ અને પોલીસતંત્ર દ્વારા ખેડૂતો સાથે વાટાઘાટો કરી ઘઉંના પોષણક્ષમ ભાવ આપવાની બાહેંધરી અપાતા ચક્કાજામ હટાવી ખેડૂતોએ માર્કેટયાર્ડની હરાજીમાં ભાગ લીધો હતો. કેટલાક ખેડૂતો હોબાળાના પગલે ઘઉં ભરેલા વાહનો સાથે ઘરે પરત ફર્યા હતા. હોબાળા પછી શરુ થયેલી હરાજીમાં ખેડૂતોને ૩૩૦ થી ૪૧૦ રૂ. મણે ઘઉં વહેપારીઓએ ખરીદ કર્યા હોવાનું માર્કેટયાર્ડના સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું અને ટેકાના ભાવે પણ ખેડૂતોએ ઘઉં ખરીદકેન્દ્રમાં વહેંચ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.







## પાલનપુરમાં રેલવેકર્મીનું ટ્રેનની અડફેટે મોત

પાલનપુર રેલવે સ્ટેશને ફરજ બજાવતા અને રેલવે પચાસ કવાર્ટસમાં રહેતા એક કર્મચારીએ મંગળવારે રાત્રે ટ્રેન નીચે કપાઈ ગયા હતા. જેમનું કમકમાટીભર્યુ મોત નિપજતાં અરેરાટી પ્રસરી જવા પામી હતી. આ અંગે પોલીસે અકસ્માતે મોતનો ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પાલનપુર રેલવે પોલિસ સૂત્રોના જણાવ્યા મુજબ, પાલનપુર રેલવે સ્ટેશને ફરજ બજાવતા અને પચાસ કવાર્ટસમાં રહેતા ૫૫ વર્ષીય મણીલાલ આશાભાઈ પરમાર મંગળવારે રાત્રે કોઈપણ ટ્રેન નીચે કપાઈ ગયા હતા. તેમનું ગળુ ધડથી જુદુ પડી જતાં સ્થળ ઉપર જ કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતુ.

# લ્યો બોલો, આત્મ વિલોપનની ચિમકી એક ક્રેઝ બની ગયો છે

## પ્રાંતિજ પોલીસે દારૂ પીધેલા ચારની અટકાયત કરતા નશાની હાલતમાં પકડાયેલા આરોપીઓએ પોલીસને આત્મવિલોપનની ચીમકી આપી

પ્રાંતિજ, તા. ૧૫

રાજય સહિત સાબરકાંઠા જિલ્લામાં હાલ આત્મવિલોપનની ચિમકી એ સામાન્ય બની ગઈ છે અને હાલ સાબરકાંઠા જિલ્લા સહિત રાજયભરમાં વિવિધ જિલ્લાઓમાં તાલુકાઓમાંથી રોજબરોજની ઘટના બનવા પામી છે. કોઇ સ્વાભિમાન, હક્ક અને સંચાઈ કે દેશના હિત માટે ચીમકીઓ આપે છે. તો સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે દારૂના નશામાં લથડીયા ખાતાં ચાર યુવકોને પ્રાંતિજ પોલીસે પકડતાં પ્રાંતિજ પોલીસને આત્મ વિલોપનની ચીમકી આપી.

મળતી માહિતી મુજબ નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના ટોલનાકા પાસે પ્રાંતિજથી ચિલોડા તરફ જતાં હાઈવે આઠ ઉપર પોલીસ કો. દિપકસિંહ જગતસિંહ, મુકેશસિંહ લાલસિંહ, સરદારભાઈ અમરતભાઈ તથા વિક્રમસિંહ રૂમાલસિંહ પેટ્રોલીંગમાં હતાં તે દરમિયાન એક કારચાલક દારૂના નશામાં લાપરવાહી રીતે હંકારી નેશનલ હાઈવે આઠ રોડ ઉપર રેલાવતો-રેલાવતો કાર લાવી પોલીસને સંકા જતાં કાર રોકતાં કારચાલક પીનલકુમાર ઈશ્વરલાલ રહે, ૨૮૦ વણકરવાસ, રઢુ ગામ, તા. જી.





ખેડા, હાલ. રહે. વણકરવાસ, બાવળા, તા. બાવળા, જિ. અમદાવાદ તથા મનીષભાઈ રાધેશ્યામ શર્મા રહે. ૩૭૮, શ્યામનગર સુખલીયા, તા. જી. ઈન્દોર (પોલીસ સ્ટેશન વિજયનગર) મધ્યપ્રદેશ, હાલ રહે. ચાચરવાડી, જગદિશભાઈ ભરવાડના મકાનમાં વાસણા તા. સાણંદ જી. અમદાવાદ તથા શિવ રાજેન્દ્ર દેશમુખ રહે ડલ્લુ. સીએલ કલબની સામે રાખીકોલ દમુઆ, છિંદવાડા મધ્યપ્રદેશ હાલ રહે. ચાચરવાડી જગદિશભાઈ ભરવાડના મકાનમાં વાસણા, તા. સાણંદ, જિ. અમદાવાદ ચાર જણાં વગર પાસ પરમીટે પોતાની કાર નંબર-જીજે૧૮.બી.૨૫૦૯ સાથે દારૂ પિધેલી હાલતમાં પકડાઈ આવતાં પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરાતાં દારૂના નશામાં ચકચુર ચારે જણાએ પોલીસે પકડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. નશાની હાલતમાં આરોપીઓ દ્વારા અમને પકડશોતો અમે આત્મવિલોપન કરીશુંની ચીમકી આપી હતી. પ્રાંતિજ પોલીસે દારૂના નશામાં ચકચુર ચારે સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

## ધાનેરામાં નગરપાલિકા પ્રમુખ દ્વારા શોપિંગોમાંથી દબાણો હટાવી પાર્કિંગની જગ્યા ખુલ્લી કરાવી

ધાનેરામાં મોટા ભાગના શોપિંગમાં પાર્કિંગ અને અન્ય સુવિધાનો ખુબ જ અભાવ જોવા મળી રહ્યો છે ત્યારે વેપારીઓ સહીત કામ અર્થે આવતા લોકોને પણ ખુબજ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. પાલિકાના પ્રમુખ બળવંતભાઈ બારોટ ધ્વરા ધાનેરાના મધુસુદન માર્કેટના આગળ પાછળનું દબાણ દૂર કર્યુ હતુ અને પાર્કિંગની જગ્યા ખુલ્લી કરી હતી. ધાનેરા મધુસુદન માર્કેટમાં ખુલ્લા વીજ વાયર અને તૂટેલી સીડી બાબતે લોકો ધ્વરા રજૂઆત કરતા તે પણ પ્રશ્ન ટૂંક સમયમાં હલ કરવાની ખાતરી આપી હતી

## ખેડબ્રહ્માની મોતીનગર સોસાયટીમાં એક લાખની ચોરી

ખેડબ્રહ્મા, તા. ૧૫

ખેડબ્રહ્મા શહેરના પોશ વિસ્તાર ગણાતા એવા મોતીનગર સોસાયટી મા ૨ યુવકો ધોળા દિવસે કોટ કુદી ઘરના દરવાજા તોડી નાખી અંદાજે એક લાખ રૂપિયાની મત્તા ચોરી ફરાર થઈ ગયા હતા.

ખેડબ્રહમાં પોલીસ સ્ટેશનથી મળતી વિગતો અનુસાર મોતીનાગર સોસાયટીમાં રહેતા દિલીપભાઈ અમૃતલાલ બારોટનો બંગલો આવેલ છે. તેઓ હાલ અમદાવાદ રહેતા હોય અવારનવાર ખેડબ્રહ્મા આવે ત્યારે બે-ત્રણ માસ ઘરમાં રોકાતા હતા. છેલ્લાં બે-એક માસથી અવરજવર કરતા હતા. મંગળવારના રોજ બપોરે ૧૨ કલાકે બે ઈસમો તેમના ઘરનો કોટ કુદી અંદર પ્રવેશ કરી સૌપ્રથમ સીસીટીવી કેમેરાનાં વાયર કાપી નાખ્યા હતા અને ત્યાર બાદ ઘરનો દરવાજો તોડી અંદર પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ નીચેના રૂમના કબાટ તોડી નાખેલ તેમજ રસોડામાં તથા અંદરના રૂમમાં વસ્તુઓ રફેદફે કરી દીધી ઉપરના રૂમમાં પ્રવેશ કરી તિજોરી ખોલી ઉપરના રૂમમાંનું એલ.ઇ.ડી. ટીવી અંદાજિત કિંમત રૂપિયા ૪૫ હજાર તથા બેડરૂમમાં આવેલ કબાટો ખોલી તેમાંની વસ્તુઓ નીચે નાખી દઈ કબાટમાંથી ચાંદીની ટ્રે- ૧, ચાંદીના વાટકા-૪ તથા રૂપિયા ૧૦ની નોટનું એક બંડલ, ચાંદીના સિક્કા, અને સ્ત્રીઓના ચુડા ૪, જેમાં ૨ ચુડા સોનાથી મઢેલા હતા, જે અંદાજે એક તોલા સોનુ મળી કુલ રૂપિયા એક લાખ પંદર હજારની મત્તા ચોરી બંને ચોર પલાયન થઇ ગયા હતા.

બુધવાર સવારે તેમના પાડોશી વહેલી સવારે ચાલવા નીકળેલ તેમને દરવાજો ખુલ્લો જોતા દિલીપભાઈના ભાઈ નારાયનદાસ બારોટનો જાણ કરતા આવી તપાસ કરતા ચોરી થયેલાનું જણાતા તેમને ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## થરાદ ડીસા રોડ પર કારની ટક્કરથી કોર્ટ કર્મચારીને ગંભીર ઈજા

થરાદ કોર્ટમાં કલાર્ક તરીકે ફરજ બજાવતા વાહજીભાઈ મઘાભાઈ રબારી પોતાના જીજે૦૮.બીઈ.૯૩૯૧ નંબરના મોટરસાયકલ પર થરાદ તરફ આવી રહ્યા હતા. આ વખતે હાઈવે રોડ પર ભારત ગૅસના ગોડાઉન પાસે આવતા ગોડાઉનમાંથી જીજે૦૮.૯૧૦૩ નંબરની એક સેન્ટ્રો કારના ચાલકે પોતાની ગાડીને પૂર ઝડપે ગોડાઉન તરફથી રીવર્સ લઈ હાઈવે રોડ ઉપર ચડાવતા કરણાસર બાજુથી આવી રહેલા વાહજીભાઈ તેનાથી બચવા પોતાનું મોટરસાયકલ બ્રેક કરી રોડની સાઈડમાં ઉતારવા જતાં કારચાલકે ટક્કર મારી હતી.

# કડીમાં ડીવાયએસપી મંજીતા વણઝારાની જીપ પર હુમલો

## ઈજાગ્રસ્ત હોવા છતાં રજા લીધા વિના ફરજ પર હાજર રહી ઉદારણીય કામગીરી બજાવનાર ડી.વાય.એસ.પી. મંજીતા વણઝારા પર અભિનંદનની વર્ષા

મહેસાણા,તા. ૧૫

અમદાવાદ શહેર સહિત રાજયભરમાં કાયદો અને





વ્યવસ્થાની પરિસ્થિતિ દિન પ્રતિદિન કથળતી જાય છે. ગુનાખોરીનું પ્રમાણ વધવાની સાથે સાથે ગુનેગારો પણ એટલી હદે બેફામ અને ઝનુની બન્યા છે કે, હવે તો પોલીસ પર હુમલા અને મારામારીની ગંભીર ઘટનાઓ જાણે સામાન્ય બની છે. આજે કડીના કસ્બા વિસ્તારમાં આજે ડીવાયએસપી મંજીતા વણઝારા મારામારી અને લૂંટના ગુનાના આરોપીઓને તપાસ માટે લઈ ગયા હતા ત્યારે આ ગુનેગારોના સમર્થનમાં ઉમટી પડેલા સેંકડો લોકોએ જોરદાર હલ્લો મચાવ્યો હતો અને એક તબક્કે ડીવાયએસપી મંજીતા વણઝારાની ગાડી પર હુમલો અને પથ્થરમારો કર્યો હતો. જેમાં ડીવાયએસપી મંજીતા વણઝારાને ઈજા પહોંચી હતી અને તેમના હાથમાં ફ્રેકચર થયું હતું. તેમને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ડીવાયએસપી પર ગુનેગાર તત્વો દ્વારા આ પ્રકારે જાહેરમાં હિંસક હુમલાની ઘટનાના રાજયમાં ઘેરા પ્રત્યાઘાત પડયા હતા, ખાસ કરીને પોલીસ બેડામાં ભારે ચકચાર મચી ગઈ હતી. આ અંગે પ્રાપ્ત થતી માહિતી મુજબ, કડી તાલુકાના કસ્બા વિસ્તારમાં ડીવાયએસપી મંજીતા વણઝારા પોલીસ સ્ટાફના કાફલા સાથે મારામારી અને લૂંટના એક ગુનાની તપાસ અર્થે ગયા હતા અને આ ગુનામાં સંડોવણી ધરાવતાં આરોપીઓને તપાસના કામ માટે પોલીસમથક લઈ આવ્યા હતા.

બીજીબાજુ, પોલીસ દ્વારા આરોપીઓને ઉઠાવાતાં નારાજ થયેલા આરોપીઓના પરિવારજનો, સગાવ્હાલા અને સમર્થક-ટેકેદારો ખૂબ મોટી સંખ્યામાં એકત્ર થઈ ગયા હતા અને પોલીસ વિરૂદ્ધ જોરદાર નારાજગી અને સૂત્રોચ્ચાર કરી ડીવાયએસપી મંજીતા વણઝારાની જીપ પર જોરદાર પથ્થરમારો શરૂ કરી દેવાયો હતો અને જીવલેણ હુમલો બોલી દેવાયો હતો. પથ્થરમારો અને હુમલાની ઘટના બાદ પોલીસ તરત જ હરકતમાં આવી ગઈ હતી અને જોરદાર લાઠીચાર્જ કરી પરિસ્થિતિ કાબૂમાં લીધી હતી. બીજીબાજુ, હુમલામાં ડીવાએસપી મંજીતા વણઝારાને ગંભીર ઈજા પહોંચી હતી., ખાસ કરીને તેમના હાથમાં ફ્રેકચર થયું હતું, તેથી તેમને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.



જોરદાર હલ્લો-હોબાળો મચાવ્યો હતો. પોલીસે રોષે ભરાયેલા લોકોને શાંત પાડવાનો શાંતિપૂર્ણ પ્રયાસ કર્યો હતો પરંતુ ટોળાના માણસો ખૂબ ઉશ્કેરાયેલા અને આક્રોશમાં હતા. થોડીવારમાં તો વાત વણસી હતી અને અચાનક જ ટોળાના માણસો દ્વારા પોલીસની જીપ લોખંડની જાળીઓથી સુરક્ષિત હોવાછતાં તોફાની ટોળાનો પથ્થરમારો એટલો જોરદાર હતો કે, ગાડીના કાચ તૂટી ગયા હતા. આ બનાવ અંગે પોલીસે તોફાની ટોળા વિરૂદ્ધ રાયોટીંગ સહિતનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

## બાયડ તાલુકા પંચાયતના મહિલા સદસ્યના પતિ લાંચ લેતાં ઝડપાયા

બાયડ, તા. ૧૫

મહિલા સશક્તિકરણની વાતો કરનાર પુરુષ પ્રધાન દેશમાં રાજકીય ક્ષેત્રે મહિલાઓ માટે અનામતની જોગવાઈ બાદ રાજકારણમાં ચૂંટાતી મહિલાઓમાંથી મોટે ભાગે મહિલાઓના પતિદેવો અને તેમના દીકરાઓનું જાણે સાશન ચાલતું હોય તેવા ઠેર ઠેર દશ્યો સમગ્ર દેશ અને ગુજરાતમાં જોવા મળે છે. ગ્રામ પંચાયતથી લઈ સંસદસભામાં ચૂંટાતી મહિલાઓને પુરુષો રબરછાપ સ્ટેમ્પ સમજતા હોય તેમ સમગ્ર વહીવટ તે કરતા હોય છે અને તેમના ક્ષેત્રમાં રોફ જમાવતા હોય છે. અરવલ્લી જીલ્લા એસીબી પોલીસે ગુરુવારે બપોરે બાયડ તાલુકા પંચાયતના કોંગ્રેસી મહિલા સદસ્યના પતિદેવે ચોઈલા ગ્રામપંચાયતમાં ધારાસભ્યની ગ્રાન્ટમાંથી બનાવેલ રોડનું બીલ પાસ કરાવવા કોન્ટ્રાકટર પાસે ૧૫૦૦૦ રૂપિયાની લાંચ માંગતા લાંચની રકમ ૧૦ હાજર રૂપિયા લેતા છટકું ગોઠવી રંગે હાથે ઝડપી લેતા જીલ્લા કોંગ્રેસના અગ્રણીઓમાં ભૂકંપ આવી ગયો હતો. બીજીબાજુ ભાજપના અગ્રણીઓ અને કાર્યકરો ગેલમાં આવી ગયા હતા.

બાયડ તાલુકા પંચાયતના કોંગ્રેસના મહિલા સદસ્ય અને જીલ્લા કોંગ્રેસ મહિલા અગ્રણી કાંતાબેન પટેલના પતિ રમણભાઈ પટેલ બાયડ તાલુકાના ચોઈલા ગ્રામપંચાયત હેઠળ આવતા અને ધારાસભ્યની ગ્રાન્ટમાંથી પાસ થયેલ રોડ બનાવનાર કોન્ટ્રાકટર પાસે બીલ પાસ કરવા સત્તાનો રુઆબ છાંટી ૧૫૦૦૦ રૂપિયાની રકમ માંગતા અને રકમ આપશો તોજ બીલ મંજુર થશે અને વારંવાર રૂપિયાની ઉઘરાણી થતા કોન્ટ્રાકટરે જીલ્લા એસીબી પીએસઆઈ આર.એન.પટેલનો સંપર્ક કરી સમગ્ર ઘટના અંગે રજુઆત કરી પુરાવા અપાતા જીલ્લા એસીબી પોલીસે ગુરુવારે બપોરે ૩ વાગ્યાના સુમારે બાયડ સ્વામિનારાયણ સોસાયટીના નાકે છટકું ગોઠવી કોન્ટ્રાકટર પાસેથી માંગેલ લાંચની રકમ પૈકી ૧૦૦૦૦ રૂપિયા રંગે હાથે લેતા ઝડપી પાડી દબોચી લેતા સમગ્ર જિલ્લામાં હાહાકાર મચી ગયો હતો અને લાંચ માંગતા રાજકારણીઓમાં ફફડાટ ફેલાયો હતો.

## વિશ્વના કલ્યાણ અર્થે ધનસુરાના રામજી મંદિરમાં મહંતની મા નર્મદાજીની ૩૨૦૦ કિમીની પદયાત્રા પૂર્ણ

ધનસુરા, તા. ૧૫

વિશ્વના કલ્યાણ અર્થે ધનસુરાના રામજી મંદિરમા મહંત પ.પૂ મહામંડલેશ્વર પુરણશરણદાસજી મહારાજે ૩૨૦૦ કિમીની મા નર્મદાજીની પદયાત્રા (પરિક્રમા) પૂર્ણ કરી આ પહેલા પણ તેમણે વિશ્વ કલ્યાણ અર્થે પાંચ વાર શનિજી–સિંગણાપુરજીની યાત્રા કરી હતી. તેમજ શક્તિપીઠજીમાં અંબાજી ધામ સુધી દંડવત યાત્રા કરી હતી.



મહારાજે ધનસુરાના રામજી મંદિરમાં મહંત પ.પૂ મહામંડલેશ્વર પુરણશરણ દાસજીએ ઐતિહાસિક જગદાનંદની શિવપુત્રીમાં નર્મદાજીની ૩૨૦૦ કિમી ની પરિક્રમા ભક્તો સાથે પૂર્ણ કરી ધનસુરા પધારતા ગ્રામવાસીઓએ અને ભાવિક ભક્તોએ તેમનું ઉલ્લાસભેર સ્વાગત કર્યુ હતું. આ ઉપરાંત નર્મદાજીની પરિક્રમા પૂર્ણ કરતા આજે સમાપનના કાર્યક્રમમાં ધનસુરા ગઢીમાતાજીના મંદિરે ૧૦૦૮ કન્યા પૂજન અને સંત આશીર્વચન રાખ્યા હતા. સાથે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.



## પાલનપુરમાં ચાલુ ટ્રેનમાંથી પટકાતા યુવકના પગનો પંજો કપાયો

પાલનપુર ખાતે લક્ષ્મીપુરા ફાટક નજીક એક યુવક ટ્રેનમાંથી નીચે પટકાયો હતો. આ અકસ્માતમાં તેના પગનો પંજો કપાઈ ગયો હતો. જ્યારે શરીરના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી. જેને ૧૦૮ દ્વારા પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. પાલનપુરમાં શહેરના લક્ષ્મીપુરા ફાટક પાસેથી પસાર થઈ રહેલી ટ્રેનમાંથી ઉત્તરપ્રદેશનો ૩૫ વર્ષીય બસ્તાનો દિવાકર શ્રીરામ શ્રીવાસ્તવ અકસ્માતે ટ્રેનમાંથી નીચે પટકાયો હતો. જેમાં તેના એક પગ ઉપર ટ્રેનના ટાયરો ફરી વળતાં પગનો પંજો કપાઈ જવા પામ્યો હતો. જ્યારે શરીરના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી. દરમિયાન, ઈજાગ્રસ્તને ૧૦૮ મારફતે સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

## સાબરકાંઠાનાં ખેડબ્રહ્મા અને વડાલી તાલુકાના ગામોમાં યુનિસેફના કન્ટ્રી લેવલના સદસ્યોની અભ્યાસ મુલાકાત

આજરોજ યુનિસેફના કન્ટ્રી લેવલના એલીકઝેન્દ્રા સાશા વેસ્ટરબીક (ચીફ,કોમ્યુનિકેશન, એડવોકેસી ઈન્ડિયા,) સિદ્ધાર્થ શ્રેષ્ઠ ચીફ કોમ્યુનિકેશન ફોર ડેવલોપમેન્ટ સાથેના ડેલીગેશને જીલ્લાનાં ગઢડા શામળાજી, પાટડીયા, પાંચ મહુડા અને બાબસર ખાતે અભ્યાસ મુલાકાત લીધી. મુખ્ય હેતુ કુપોષણ નિવારણ માટેના જીલ્લા વહીવટીતંત્ર દ્વારા લેવામાં આવેલ વિવિધ પગલાઓના અભ્યાસ અને તેની અસરો અંગેનો હતો. જીલ્લાના તંત્ર દ્વારા લેવામાં આવેલ મુખ્ય પગલાઓમાં બાળકોનું કુપોષણ નિવારણ, તરુણીઓનું સ્વાસ્થ્ય, સગર્ભા-ધાત્રી માતાઓનું સ્વાસ્થ્ય, સ્થાનિક ભૂવા અને દાયણ સાથેની મુલાકાત, મધર સપોર્ટ ગ્રૂપ સાથે મુલાકાત, શાળાની ''સાથીયા''ની મુલાકાત, આંગણવાડીની મુલાકાત મુખ્ય હતા.